# NATIONAL ASSOCIATION FOR THE BLIND - ANAND

SERVE THE BLIND
TAMASO MA JYOTIRGAMAYA

Braille

# રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ

## વાર્ષિક અહેવાલ

## વર્ષ- એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩

**રજી. નંબર : એફ/૧૧૧૪/આણંદ**














**આ મુખપત્ર રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ દ્વારા ચાલતી દિવ્યાંગ વિકાસની પ્રવૃત્તિઓ અને કાર્યનું પ્રતિબિંબ છે.**

**મહિલા સુરક્ષા ને લગતી કાયદાકીય માહિતી અંગેની બ્રેલ – પુસ્તિકા પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને અર્પણ કરાઈ**

**30-04-2022**




**રાજ્ય સરકાર ના સુરક્ષા સેતુ અભિયાન અંતર્ગત આણંદ જિલ્લાના સંવેદનશીલ કર્મનિષ્ઠ પોલીસ વડા શ્રી અજીત રાજીયાન સાહેબ ની રાહબરી હેઠળ પ્રજ્ઞાચક્ષુ (Blind) મહિલા/દિકરીઓ ની સુરક્ષા હેતુ ખૂબ સુંદર અભિયાન ના ભાગ રૂપે મહિલા સુરક્ષા ને લગતી કાયદાકીય માહિતી, મદદરૂપ સંપર્ક નંબર તથા તમામ જરૂરી વિગતો સાથે ની પુસ્તિકા (બ્રેઈલ લિપિ માં ) નું તારીખ 29 એપ્રિલ ના રોજ આપણી સંસ્થા રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ ખાતે વિમોચન -અર્પણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આણંદ જિલ્લા ડી વાય એસપી શ્રી ડી. આર. પટેલ ની ઉપસ્થિતિમાં વિદ્યાનગર ટાઉન પી.આઈ શ્રી એલ. બી.ડાભી સાહેબ, આણંદ પોલીસ વિભાગ માં નેત્રમ ની કામગીરી સંભાળતા મીરા બેન ત્થા સંસ્થા ના ટ્રસ્ટી ગણ ની હાજરી માં સંસ્થા ની દિકરીઓ ને પુસ્તિકા અર્પણ કરવામાં આવી.**




**સમગ્ર ગુજરાતમાં પ્રથમ કહી શકાય તેવી કામગીરી સાથે આણંદ જિલ્લા પોલીસ વિભાગ ના માનવીય અભિગમ અને સંવેદનશીલતા સાથેની નિષ્ઠા પૂર્ણ ફરજ નો અદ્દભુત એહસાસ .....આભાર...**

**પ્રજ્ઞાચક્ષુ સ્પે. ખેલ મહાકુંભ – એથ્લેટિક્સ રમતોનું આયોજન**

**01-05-2022**



**પ્રજ્ઞાચક્ષુ બાળકો ની માનસિક અને શારિરીક શક્તિ નું અદ્દભુત પ્રદર્શન........**

**રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ અને રમત ગમત વિભાગ ગુજરાત રાજ્ય સરકાર ના ઉપક્રમે રમાયેલ સ્પેશ્યલ ખેલ મહાકુંભ માં એથ્લેટિક્સ અને ચેસ વિભાગ સ્પર્ધા ની શરૂઆત માનનીય આણંદ જિલ્લા એસ .પી.સાહેબ (શ્રી અજીત રાજીયાન જી) શ્રી એસ. જી. પટેલ (સેક્રેટરી શ્રી ચારુતર વિદ્યા મંડળ),**

જિલ્લા રમતગમત અધિકારી શ્રી , તેમજ સંસ્થા ના ટ્રસ્ટીગણ ની હાજરી માં કરવામાં આવી. વલ્લભ વિદ્યાનગર ટાઉન પી આઇ શ્રી એલ. બી ડાભી સાહેબ ના ખૂબ જ માનવીય સહયોગ સભર હાજરી સાથે બાળકો ને પોલીસ વિભાગ તરફથી પાણી ની બોટલ ચોકલેટ તેમજ આઇસ્ક્રીમ ની વ્યવસ્થા કરવામાં આવી.

## સાંઈબાબા જનસેવા ટ્રસ્ટ- દ્વારા પ્રજ્ઞાચક્ષુ દીકરા અને દીકરીઓના સમૂહ લગ્ન

**30-05-2022**



ધાર્મિકતા નું સાર્થક સ્વરુપ આપી સમાજ સેવા યજ્ઞ ધ્વારા સાચી સનાતન સંસ્કૃતિ ની ઓળખ એટલે સાંઇબાબા જનસેવા ટ્રસ્ટ, આણંદ..શ્રી શનેશ્વર મહારાજ જન્મજયંતિ નિમિત્તે પ્રજ્ઞાચક્ષુ દીકરા-દીકરી ના ભવ્ય સમૂહ લગ્ન નું આયોજન કરી સમાજ મા માનવસેવા તેમજ ઉદારતા ના રસ્તે સમરસતા વધારવા નું શ્રેષ્ઠ કાર્ય આજે કરવામાં આવ્યું. રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ વતી હાજર રહેવા નું સૌભાગ્ય પ્રાપ્ત કરાવવા બદલ સાંઈબાબા જનસેવા ટ્રસ્ટ- પ્રમુખશ્રી જનક ભાઈ, ટ્રસ્ટી ગણ તેમજ સમાજસેવક સહયોગી શ્રી જીતુભાઈ રાસધારી નો ખૂબ ખૂબ આભાર

## હેલેન કેલર જન્મજયંતી ની ઉજવણી



**27-06-2022**

"હું મારી વિકલાંગતા માટે ભગવાનનો આભાર માનું છું, કારણ કે તેમના દ્વારા, મેં મારી જાતને, મારું કામ અને મારા ભગવાનને શોધી કાઢ્યા છે." - હેલેન એડમ્સ કેલર (27 જૂન, 1880 - જૂન 1, 1968)

**"I thank God for my handicaps, for through them, I have found myself ,my work and my God." - Helen Adams Keller(June 27, 1880 – June 1, 1968)**

## ગુરુ પુર્ણિમા ની ઉજવણી

**13-07-2022**

રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ જિલ્લા શાખા સંચાલિત, પ્રજ્ઞાચક્ષુ માટેની હોસ્ટેલમાં, ગુરુપૂર્ણિમા નિમિત્તે એક સાર્થક વાર્તાલાપનું સરસ આયોજન થયું. ચરોતર વિસ્તારમાં શ્રીકૃષ્ણ હોસ્પિટલ, ત્રિભોવનદાસ

ફાઉન્ડેશન અને અન્ય અનેક સંસ્થાઓ સાથે જોડાઇને સમાજ સેવા કરતાં સુમીબેન પટેલ તથા સફળ ડોક્ટર અને રાષ્ટ્રીય સ્તરે મેડિકલ લો ક્ષેત્રમાં સફળ લોયર તરીકે કાર્યરત ડો. મિલિન્દ અંતાણીએ કાર્યક્રમમાં પુરેપુરો સમય અને સંવેદના આપીને, "ગુરુ, સફળતા અને શિષ્યત્વ" વિષય પર બાળકો સાથે વાત કરી.

કાર્યક્રમમાં ભુલાઈ જાય એવા ભાષણને બદલે, સોંસરવા ઉતારી જાય એવા પ્રશ્ન અને જવાબ હતા. વિદ્યાર્થીઓની વાસ્તવિકતા અને તેમની માનસિક જરૂરિયાતને અનુલક્ષીને, સંસ્થા ના ઉપપ્રમુખ મેઘના બેન જોશી એ ડો. અંતાણીને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને એમના પ્રત્યેક જવાબો બાળકો માટે વ્યવહારુ, નક્કર અને વાસ્તવિક રીતે જીવાતી જિંદગીમાં જીવી શકાય તેવા હતા.

મિલિન્દભાઈ ધ્વારા કેટલાક  વિચારો- જવાબ આ પ્રમાણે રજૂ થયા..

"જે હાથ સદા તમારા માથે અને તમારી સાથે રહે, એ ગુરુ. તમે સારું કરો તો બહેતર કરાવવાનો પ્રયત્ન કરે અને તમે ખોટા હોય તો હાથ ખસેડ્યા વગર સાચા તરફ લઇ જાય, એ પ્રત્યેક હાથ ગુરુ હોઈ શકે."

"સફળતા માટેના ત્રણ શબ્દ કહેવા હોય તો- બીલીવ ઈન યોર સેલ્ફ."

"ઓર્ડિનરી અને એક્સ્ટ્રા ઓર્ડિનરી વચ્ચે જે તફાવત છે તે એક્સ્ટ્રા શબ્દનો છે. એનો અર્થ એ કે, તમે જે કઈ કરો છો, એમાં થોડી વધુ મહેનત, લગન અને સેલ્ફ અવેરનેસ રાખો તો તમે ઉત્તમ એટલે કે એક્સ્ટ્રા-ઓર્ડિનરી બની શકો."

"કાચબા અને સસલાની વાર્તામાં કાચબાની જીત પાછળ માત્ર કાચબાનો આત્મવિશ્વાસ અને સાતત્ય નહિ, પરંતુ સસલાની ઊંઘ વધુ જવાબદાર છે. તમારી વાર્તામાં કોઈ સસલું નહિ ઊંઘે, તો તમે શું કરશો?"

સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્ર ભાઈ પટેલે ડો અંતાણી ના વાર્તાલાપ બાદ આદર્શ શિષ્યત્વ અંગે વાત કરી. મંત્રી સુધાબેન પટેલ એ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટી શ્રીઓ વતી રાજીપો વ્યક્ત કર્યો. પ્રોગ્રામ માટે ટ્રસ્ટી અને સંગીતજ્ઞ રાધા પટેલે વિદ્યાર્થી ઓ પાસે ખુબ સરસ ભજન અને ગીત તૈયાર કરાવ્યા હતાં.

કુલ બોંતેર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ સંસ્થા ની હોસ્ટેલમાં રહીને આનંદ-વિદ્યાનગરની વિવિધ શાળા અને કોલેજમાં અભ્યાસ કરે છે. ગુજરાતના અલગ-અલગ વિસ્તારમાંથી વિદ્યાનગર ભણવા આવતા આ વિદ્યાર્થીઓને દ્રષ્ટિની ક્ષતિ છે, પરંતુ સપનાં તો એમને પણ આવે. શિક્ષણની સાથે જીવન કૌશલ્ય અને અન્ય કળા શીખી આત્મનિર્ભર બને, એ સંસ્થાનો મુખ્ય હેતુ છે. આવા અર્થપૂર્ણ કાર્યક્રમ થકી સમાજના આ એક અંગને વધુ સજ્જ કરવાનો સંસ્થા નો અભિગમ છે.

## VYO કરમસદ એકમ દ્વારા બ્લાઇન્ડ સ્માર્ટ સ્ટીક નું વિતરણ

**28-07-2022**

શ્રી વલ્લભ કુલ ભૂષણ યુવા વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીની પ્રેરણાથી રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ એકમ સંચાલિત હોસ્ટેલના ૪૧ પ્રજ્ઞાચક્ષુ ભાઈ બહેનોને તેમના

**રોજબરોજના જીવનમાં ઉપયોગી એવી બ્લાઇન્ડ મેન સ્માર્ટ સ્ટીકનું(અંદાજે 3000 રૂપિયા /નંગ બજાર કિંમતની)વિતરણ વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન VYO કરમસદ એકમ દ્વારા આજરોજ કરવામાં આવ્યું .**

**આ કાર્યક્રમમાં આણંદ જિલ્લા પોલીસ વડા શ્રી અજીત રાજિયાનજી , પંચમહાલ જિલ્લાના પ્રભારી શ્રી રાજેશભાઇ પટેલ (ધર્મજ), રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ ,ઉપપ્રમુખ મેઘનાબેન જોશી,વલ્લભ યુથ ઓર્ગેનાઝેશન કરમસદના સૌ સભ્યો ઉપસ્થીત રહ્યા.**

## રક્ષાબંધન દિનની ઉજવણી




**07-08-2022**

**બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય [world of silence, વલ્લભ વિદ્યાનગર) ની બહેનો બ્ર .કુ. વિભા બેન ત્થા બ્ર .કુ. કિન્જલ બેન ની રક્ષાબંધન વિષયક તાત્વિક, જ્ઞાન સભર ગોષ્ઠી સાથે રાષ્ટ્રીય અંધજન મંડળ વલ્લભ વિદ્યાનગરના બાળકો સાથે રક્ષાબંધન ના પાવન પર્વ ની ઉજવણી નું સૌભાગ્ય પ્રાપ્ત થયું.**

## છોત્તેરમાં સ્વતંત્રતા દિનની ઉજવણી

**15-08-2022**

**આજે અમે થોડું અજવાળું વાવ્યું..**



**ભારતના છોત્તેરમાં સ્વતંત્રતા દિવસે નેશનલ એસોસિયશન ફોર ધ બ્લાઈન્ડ (NAB) આણંદમાં ધ્વજારોહણ અને રાષ્ટ્ર વંદનાનો કાર્યક્રમ કર્યો. જેમની ઉંમર ભારતની સ્વતંત્રતા થી પણ વધુ છે અને ખરા અર્થમા જન્મભૂમિ નું ઋણ ચૂકવી રહ્યા છે તેવા સામાજીક કાર્યકર સુમી બેન પટેલના હાથે ધ્વજવંદના થઈ. ધવલ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રી ના ધવલ પટેલ અને અન્ય સહયોગીની હાજરી પણ હતી અને લાગણી પણ હતી.**

**અમારી હોસ્ટેલમાં કુલ બોત્તેર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી રહે છે જે આણંદ અને વિદ્યાનગર ની અલગ અલગ સ્કુલ અને કૉલેજ માં ભણે છે. આજની સવાર માટે દરેકે ગજા મુજબની તૈયારી કરી હતી. ત્રણ રંગના ફુગ્ગા, કપડાં અને બેનર તો હતાં જ અને સાથે બંધ આંખે જોયેલા અનેક સપનાંના કાબરચીતરા રંગો હતાં. આ એક એવો સમુદાય છે જેણે નરી આંખે કેસરી , સફેદ કે લીલો રંગ જોયો નથી તે છત્તાં એ રંગોનું સન્માન તેઓ કરી શકે છે. દરેક તહેવારની ઉજવણી અમે સંસ્થામાં કરીએ છીએ ત્યારે એમાં મુખ્ય આશય " મજા" નથી, સાચી સમજ**

**છે . દિવ્યાંગ વ્યકિતને પણ સામાન્ય વ્યકિત જેવો અનુભવ મળતો રહે , માત્ર દયા અને સહાય નહિ, સંઘર્ષ સાથે એ ચાલી શકે એ માટે પ્રયત્નશીલ રહીએ છીએ.**

**સ્વતંત્રતાનું પહેલું શતક ઉજવાશે ત્યારે આ હાંસિયા માં રહેલા લોકો આપણી જેવી જિંદગી જીવી શકે એવી એક ઇચ્છા સાથે જય હિન્દ**




## ગણેશોત્સવની ઉજવણી

**30-08-2022 – 09-09-2022**

**રાષ્ટ્રીય અંધજન મંડળ આયોજિત શ્રી ગણેશ વંદના કાર્યક્રમ**

**એન. ડી. ડી. બી ના ચેરમેન શ્રી મીનેશ ભાઈ શાહ તથા તેમના ધર્મપત્ની ,ઉમેશ ભાઈ- વિશ્વ હિન્દુ પરિષદના આણંદ જિલ્લા સંગઠન મંત્રી, નિતેશ ભાઈ મહંતવાલ- હિન્દુ યુવા વાહિની ગુજરાત ના વાઇસ પ્રેસિડેન્ટ યોગેશ ભાઈ, જયેશ ભાઈ પટેલ-જે. ડી. બિલ્ડર્સ અલ્પાબેન પટેલ-નવ ગુજરાત સ્ત્રી અધિકાર સંઘ ભાઈ..આણંદ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ મહામંત્રી ભાઈ શર્મા-આણંદ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ હિરલ બેન પંડયા ભાઈ-સાંઈબાબા જનસેવા ટ્રસ્ટ જલ્પન ભાઈ કો કન્વીનર આણંદ જિલ્લા સ્પોર્ટ્સ કમિટી બજ્પ અશોક ભાઈ પટેલ-હરિહર ભાઈ પટેલ - પટેલ પોલ્ટ્રી ફાર્મ મમતા બેન-દિનેશભાઇ -નિષ્કા ent કેન્સર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ નિશિથભાઈ બિલ્ડર.**

## નવરાત્રિ ઉજવણી

**02-10-2022 થી 09-10-2022**



**At Happy children parents society Anand ...the kids enjoyed garba and food...thanks varshaben and trusties..**

# મેડિકલ કેમ્પ

**20-11-2022**

**તાઃ-20/11/2022 ના રોજ લાઈફકેર ટ્રસ્ટ ઉમરેઠ દ્વારા પ્રજ્ઞાચક્ષુ તેમજ વિકલાંગ વિદ્યાર્થીઓ માટે**



**નિઃશુલ્ક આરોગ્ય તપાસ અને નિદાન કાર્યકમનું રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદમાં આયોજન લાઈફકેર ટ્રસ્ટ ઉમરેઠ દ્વારા રાષ્ટ્રીય  અંધજન મંડળ આણંદ જિલ્લા શાખા ડી.જે હોસ્ટેલ નાના બજાર વલ્લભવિદ્યાનગર ખાતે પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક આરોગ્ય તપાસ અને નિદાન કાર્યક્રમ યોજાયો જેમાં  વિદ્યાર્થીઓના વજન ,ઉંચાઈ, સુગર અને બ્લડ પ્રેશર તપાસીને તેમને થતી નાની મોટી તકલીફો માટે વ્યક્તિગત માર્ગદર્શન અને સલાહ આપવામાં આવી હતી.આ કેમ્પમાં લાઈફકેર ટ્રસ્ટ ઉમરેઠના સી ઈ ઓ કૌશલભાઈ પટેલ,મીનલબેન પટેલ,તાનીષ પટેલ,તુલસી ઈલેશભાઈ પટેલ,ભાવિનભાઈ પટેલ,રીટાબેન પટેલ,ભવ્યા પટેલ હેતવી પટેલ તેમજ અંગ્રેજી, આયુર્વેદ, એક્યુપ્રેશર, યોગ,રે ઈકી નિષ્ણાત તેમજ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર ડો.કાજલ નિર્મલા ભરત રાવની સેવાઓ પ્રાપ્ત થઈ હતી, આ કાર્યક્રમમાં 57 વિદ્યાર્થીઓ તેમજ અંધજન મંડળ સ્ટાફના 15 વ્યક્તિઓ આમ કુલ 72 વ્યક્તિઓની નિઃશુલ્ક આરોગ્ય તપાસ અને નિદાન થયું હતું.આ સાથે કૌશલભાઈ પટેલના સુપુત્ર તાનીશના જન્મદિવસની ઉજવણી પણ પ્રજ્ઞાચક્ષુ વિધાર્થીઓ જોડે કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મહેન્દ્ર ભાઈ પટેલ, સેક્રેટરી સુધાબેન પટેલ, ટ્રસ્ટી રાધાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા , પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે લાઈફકેર ટ્રસ્ટ ટીમનો પરિચય આપ્યો હતો, સ્વાગત પ્રવચન કર્યું હતું.**

# મતદાન જાગૃતિ કાર્યક્રમ

**26-11-2022**




**આણંદ જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ તરફ થી મતદાન જાગૃતિ કાર્યક્રમ રાષ્ટ્રિય અંધજન મંડળ, વિદ્યાનગર ખાતે યોજવામાં આવ્યો. સમાજ સુરક્ષા વિભાગ તરફ થી શ્રી જીમિભાઈ એ બાળકો ને સુંદર**

સમજ સાથે આગામી ૫ ડિસેમ્બરે યોજાનારી વિધાસભાની ચૂંટણી દરમ્યાન મતદાન અંગે પ્રતિજ્ઞા લેવડાવી. શ્રી રાજેશભાઈ એ પણ હાજર રહી બાળકો ને પ્રોત્સાહિત કર્યા.

## લુઈસ બ્રેઇલ જન્મજયંતી ની ઉજવણી



**04-01-2023**

તા-4/1/2023 ના રોજ લુઈસ બ્રેઇલ ના જન્મજયંતી સપ્તાહ ઉજવણી પ્રસંગે રાસ્ટ્રીય અંધજન મંડળ,આણંદ જિલ્લા શાખા દ્વારા સંસ્થા ના વિધ્યાર્થીઓ ને પરીક્ષા દરમ્યાન જે અન્ય વિધ્યાર્થીઓ એ લહીયા તરીકે સેવાઓ આપેલ તેમને સર્ટિફિકેટ્સ આપી સન્માનિત કર્યાં. આ પ્રસંગે સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ,જનરલ સેક્રેટરી સુધાબેન પટેલ તેમજ ટ્રસ્ટી રાધાબેન પટેલ એ વિધ્યાર્થીઓ નો આભાર માન્યો.

## આયુષ્માન કાર્ડ માટે કેમ્પનું આયોજન ની ઉજવણી

**06-01-2022**

તા-6/1/2023 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ, વલ્લભ વિધાનગર ખાતે લુઇ બ્રેલ જન્મ જયંતી સપ્તાહ અંતર્ગત આયુષ્માન કાર્ડ માટે કેમ્પનું આયોજન ડી જે.હોસ્ટેલ, નાના બજાર ખાતે શ્રી અમિતભાઈ અમીન અને સંસ્થાના કર્મચારી ભરતભાઈ રોહિત ના સંકલન થકી બાળકોને આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા.આ પ્રસંગે વલ્લભ વિધાનગર નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રકાશભાઈ માછી ઉપસ્થિત રહ્યા હતા.તથા બાળકોને નગરપાલિકા તરફથી સહયોગ સાથે ભવિષ્યમાં દરેક પ્રકારની મદદ મળી રહે તેવી બાહેધરી આપેલી .સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું .આવેલ મહેમાનો ની આભાર વિધિ સંસ્થાના જનરલ સેક્રેટરી સુધાબેન પટેલ તથા ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ દ્વારા કરવામાં આવી.



# પ્રેસ કોન્ફરન્સ

ઈન્ડિયન બ્લાઈન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન દિલ્હી દ્વારા આયોજિત ૨૨મી રાષ્ટ્રીય એથ્લેટીક્સ સ્પર્ધાનું




આયોજન તારીખ ૧૩-૧૨-૨૨ થી ૧૬-૧૨-૨૨ દરમિયાન દિલ્હી મુકામે ત્યાગરાજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં થયું હતું ,જેમાં રાષ્ટ્રીય અંધજન મંડળ ,આણંદ જિલ્લા શાખાના પાંચ વિદ્યાર્થીઓ તેમજ પાંચ વિદ્યાર્થીનીઓ એમ કુલ દસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ચિ. પવિત્રા કોલચા ૧૦૦ મીટર દોડમાં પાંચમા ક્રમે,૨૦૦ મીટર દોડમાં ચોથા ક્રમે, અને લાંબી કુદમાં પાંચમા ક્રમે આવીને ત્રિવિધ સિધ્ધિ હાંસલ કરી હતી તેમજ ચિ. નીતા મહિડા તૃતિય ક્રમે આવી સંસ્થા, તેમજ ગુજરાત સહિત સમગ્ર દિવ્યાંગ સમાજનું ગૌરવ વધારેલ છે.

આ સાથે જ સંસ્થાના અન્ય વિદ્યાર્થીઓ રાજ્યમાં યોજાયેલ અન્ય સ્પર્ધામાં પણ શાનદાર કરતબ બતાવ્યું હતું જેમાં પ્રજ્ઞા ચક્ષુ કન્યા છાત્રાલય જુનાગઢ આયોજિત સાડી સ્પર્ધા, એક પાત્રિય, અભિનય,લગ્નગીત જેવી સ્પર્ધામાં નવ વિદ્યાર્થીનિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં પટેલ દિપીકા સાડી સ્પર્ધામાં ચોથા નંબરે વિજેતા થયેલ હતી.રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ,ઉપપ્રમુખ શ્રી મેઘા બેન જોશી, જનરલ સેક્રેટરી સુધાબેન પટેલ,ટ્રસ્ટી રાધાબેન પટેલે વિદ્યાર્થીઓની સિધ્ધિને સન્માન કાર્યક્રમનું વિશિષ્ટ આયોજન કરી ,પ્રેસ કોન્ફરન્સ કરી ,પારિતોષિક આપી બિરદાવી હતી અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ વિદ્યાર્થીઓ પોતાનું, સંસ્થા,પરિવાર તેમજ ભારતનું નામ વિશ્વ કક્ષાએ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.વિદ્યાર્થીઓના આ સન્માન કાર્યક્રમમાં મનિષાબેન સોલંકી-માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠનના રાજ્ય મંત્રી,ચરોતર બંધુના એડિટર દલસુખભાઈ પ્રજાપતિ, ચરોતર ભૂમિના એડિટર મુકેશભાઈ બ્રહ્મભટ્ટ,દિવ્ય સમાચારના પત્રકાર સુરેશભાઈ ઠાકોર,પ્રભાતના પત્રકાર અરુણભાઈ ઉપાધ્યાય,ચરોતરના અવાજના પત્રકાર....., એસ કે ચેનલના કંદર્પભાઈ,હલચલ ચેનલના બકુલભાઈ પટેલ,ચરોતર નો અવાજ તરફથી અક્ષિત ભાઈ, અંગ્રેજી,યોગ રેએકી,આયુર્વેદ,એક્યુપ્રેશર ના નિષ્ણાંત અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર ડો.કાજલ નિર્મલા ભરત રાવ તેમજ તેમના માતુશ્રી નિર્મલા બેન રાવ,અન્ય અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં તેમણે સૌ એ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતાં. આ પ્રસંગે પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ એ તમામ પત્રકાર તેમજ મહેમાનોનું વિશેષ બહુમાન કરી એમને સંસ્થા તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ડૉ. કાજલ નિર્મલા ભરત રાવ તેમજ સંસ્થા ના પ્રમુખ શ્રી મહેંદ્ર ભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

## ચેસ ટુર્નામેંટ્સ

**07-01-2023 – 08-01-2023**

**તા-7/1/2023 અને 8/1/2023 ના રોજ અંધજન મંડળ દેવભૂમિ દ્વારકા જિલ્લા શાખા અને પ્રજ્ઞાચક્ષુ મંડળ દેવભૂમિ દ્વારકા ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'અખિલ ગુજરાત નેત્રહીન ચેસ ટુર્નામેંટ્સ " માં રાષ્ટ્રીય અંધજન મંડળ ,આણંદ જિલ્લા શાખાના બે વિધ્યાર્થીઓ રાઠવા નિલેષ અને રાઠવા વર્સન એ ભાગ લીધેલ.સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ ,જનરલ સેક્રેટરી સુધાબેન પટેલ ,ટ્રસ્ટી રાધાબેન પટેલ એ તેઓને શુભેચ્છા પાઠવી.**

### મકરસંક્રાંતિ

**14-01-2023**

**રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ જિલ્લા શાખા,માં અંધ વિધ્યાર્થીઓ સાથે મળી મકરસંક્રાંતિ ની ઉજવણી કરવામાં આવી.સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ,મંત્રી શ્રી સુધાબેન પટેલ તેમજ રાધાબેન પટેલે વિધ્યાર્થીઓ સાથે ઉજવણી કરી.વિધ્યાર્થીઓ ને સંસ્થા દ્વારા પતંગ ,દોરા તેમજ ચીકી વગેરે આપવા માં આવ્યું**



## રસોઈ સ્પર્ધા

**22-01-2023**



**રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ જિલ્લા શાખામાં રહી એન.એસ.પટેલ માં અભ્યાસ કરતી પટેલ દિપીકા એ રસોઈ સ્પર્ધા માં સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ વિભાગ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રાનગર દ્વારા અમદાવાદ માં તારીખ 22/1/2023 ના રોજ સંપૂર્ણ અંધ અને અલ્પ દ્રસ્તી વિધ્યાર્થીઓ માટે રસોઈ સ્પર્ધા નું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં રોટલી,પાલક ની ભાજી ,ઉપમા, સલાડ અને પાપડ શેકવા ની સ્પર્ધા રાખવા માં આવી હતી.આ રસોઈ બનાવવા માં**

**તેમને એક કલાક નો સમય આપવા માં આવ્યો હતો.આ પ્રસંગે સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રાભાઇ પટેલ, જનરલ સેક્રેટરી સુધાબેન પટેલ,તથા ટ્રસ્ટી રાધાબેન પટેલ તેમજ સંસ્થા પરિવારે તેમણે અભિનંદન પાઠવ્યા હતા.**

## પ્રજાસત્તાક દિનની ઉજવણી

**26-01-2023**

**રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખામાં 74 માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી કિરણભાઈ પટેલ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું તેમજ આમંત્રિત મહેમાન તરીકે રાજેશભાઈ દેસાઈ- સમાજ સુરક્ષા અધિકારી શ્રી- આણંદ જિલ્લા, કરીમભાઈ હાલાણી, સુનિલભાઈ પાંડે -વલ્લભ વિધાનગર નગર ,કાર્યવાહક રાષ્ટ્રીય સેવા સંઘ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જાગૃતિ મહિલા સમાજ ના સરોજબેન શાહ, હર્ષાબેન સુથાર, ગીતાબેન શુક્લ, માયાબેન દવે, અલ્પાબેન ત્રિવેદી, મનિષાબેન સોલંકી, ડોક્ટર કાજલબેન રાવ તેમજ વર્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતોની લાગણી સભર રજૂઆત કરવામાં આવી .સંસ્થા દ્વારા મોહનભાઈ જાદવ અને વિજય ઠાકોર ને ટ્રાયસિકલ સમાજ સુરક્ષા ના સહયોગથી આપવામાં આવી અને અમદાવાદ મુકામે દીપિકા પટેલ રસોઈ સ્પર્ધામાં પ્રથમ આવેલ તેથી તેમનું સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું તેમજ કરીમભાઈ હાલાણી દ્વારા પ્રજ્ઞાચક્ષુ વિધાર્થીઓને કપડા વિતરણ કરવામાં આવ્યા. તમામ કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા માનદ મંત્રી સુધાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાની માહિતી ઉપપ્રમુખ મેઘનાબેન જોષી એ આપેલ અને આભાર વિધિ સંસ્થાના ટ્રષ્ટિ શ્રી રાધાબેન પટેલ દ્વારા કરવામાં આવી. કરીમભાઈ હાલાણી દ્વારા સાઉન્ડ સિસ્ટમ માટે સંસ્થાને 75000 તેમજ કિરણભાઈ પટેલ દ્વારા 25000 રૂપિયા નું દાન મળેલ છે.**



# અખિલ ગુજરાત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ

**18-02-2023 થી 19-02-2023**



**અંધ પરિવાર સેવા સંસ્થાન સંચાલિત R.P. વસાણી પ્રજ્ઞાચક્ષુ કન્યા છાત્રાલય દ્વારા ગુજરાતમાં સૌ પ્રથમ વખત અખિલ ગુજરાત નેત્રહીન મહિલા ક્રિકેટ ટુર્નામેંટ. પૂર્વ અમદાવાદ (બાપુનગર વિસ્તારમાં) તારીખ:-18/2/2023 થી 19/2/2023 શનિ રવિ દિન 2 સમય દરમ્યાન સંસ્થાના 5 માં સ્થાપના દિન ઉજવણી નિમિતે ક્રિકેટ મહાકુંભનું ભવ્ય જેમાં રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ જિલ્લા શાખાની અંધ મહિલા ક્રિકેટ ટીમે પણ ભાગ લીધો હતો.**

## પાવાગઢ પ્રવાસ

**22-02-2023**



**તા-22/2/2023 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખા ના પ્રજ્ઞાચક્ષુ વિધ્યાર્થીઓ ને દાતાશ્રી દ્વારા પાવાગઢ અને ઝંડ હનુમાન ના પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું.તેમાં 60 જેટલા પ્રજ્ઞાચક્ષુ વિધાર્થીઓ એ પ્રવાસ નો લાભ લીધો.સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા માનદ મંત્રી સુધાબેન પટેલ તથા ટ્રસ્ટી રાધાબેન પટેલ એ દાતાશ્રી નો આભાર માન્યો.**

# NATIONAL ASSOCIATION FOR THE BLIND

SERVE THE BLIND
TAMSO MA JYOTIRGAMAYA
www.nabanand.org

## ANAND–Non-Governmental Organisation

## (રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ)

**રજી. નંબર : એફ/૧૧૧૪/આણંદ**

**“સંસ્થાને મળેલ દાનની રકમ 80G કલમ હેઠળ કરમુક્ત છે.”**

*“Donations received by the organization are tax-free under section 80G.”*





**BANK A/C INFO.**

**BANK OF BARODA**

**BANK A/C NO. : 07550100021486**

**IFSC CODE : BARB0VALLAB**

**BRANCH : VALLABH VIDYANAGAR**

CONTACT INFO.

9925235528, 9825472915, 9499613337

WEBSITE : www.nabanand.org
EMAIL : nabanand@gmail.com

ADDRESS

D.J. HOSTEL, NEAR PANCHAYAT HOSPITAL, NANA BAZAR, VALLABH VIDYANAGAR, ANAND, GUJARAT - 388 120